ગુજરાત મિત્ર - તા:- ૨૫/૯/૨૦૦૦

# સુરત મહાનગરપાલિકા

## જાહેર સુચના

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ-૪૧ (૧) તથા ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ (એમેન્ડમેન્ટ) એકટ, ૧૯૯૯ અન્વયે નગર રચના યોજના નં. ૪૦ (લીંબાયત-ડીંડોલી) તૈયાર કરવાનો ઈરાદો નગર નિયોજન સમિતિએ તેના તા.૨૭-૦૧-૨૦૦૦ની સભામાં ઠરાવ નં. ૬/૨૦૦૦થી જાહેર કરેલ છે.

આથી સદરહુ યોજના વિસ્તારમાં સમાવિષ્ટ થતી જમીનોનાં માલિકો અને હીતસબંધ ધરાવતી વ્યકિતઓની ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમ ૧૯૭૯નાં નિયમ-૧૭ હેઠળની જોગવાઈ અનુસાર એક સભા સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે રાખવામાં આવી છે. જેમાં યોજનાની સઘળી દરખાસ્તો અંગે સમજુતી આપવામાં આવશે. તેમજ જમીન માલિકો/ હિત ધરાવનાર વ્યકિતઓ તરફથી જે કોઈ સુચનો કે વાંધાઓ રજુ કરવામાં આવશે તે પણ ધ્યાનમાં લેવામાં આવશે. આ સભામાં હાજર રહેવા માટે હિત ધરાવનાર દરેક વ્યકિતને વ્યકિતગત પત્ર લખવામાં આવી રહેલ છે છતાં આ જાહેર સૂચનાથી મજકુર નગર રચના યોજના નં. ૪૦ (લીંબાયત-ડીંડોલી)માં સમાવિષ્ટ જમીનોનાં માલિકોને તેમજ હિત ધરાવનારી વ્યકિતઓને નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે હાજર રહેવા વિનંતી છે.

તારીખ ૨૬-૯-૨૦૦૦
સમયઃ ૧૧-૦૦ કલાકે
સ્થળઃ ગાંધીખંડ, મુગલીસરા, સુરત મહાનગરપાલિકા

નં.પીઆરઓ./૨૨૧/૨૦૦૦-૨૦૦૧ કમિશ્નર
તા. ૧૪-૯-૨૦૦૦ સુરત મહાનગરપાલિકા